# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૩૦/૧૧/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

( ડે.સેક્રેટરી )

---

# સુરતને બ્રાન્ડ બનાવો

## ચેમ્બરના સ્નેહ મિલન સમારોહમાં માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું આવ્હાન

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રિવર સાઈડ લોન, હોટલ ગેટ વે, અઠવાલાઈન્સ, સુરત ખાતે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિશેષ ઉપસ્થિતિમાં સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં માનનિય મુખ્યમંત્રીશ્રીએ શહેરના ઉદ્યોગકારો અને વેપારીવર્ગ સાથે ગોષ્ઠિ કરી હતી.આ કાર્યક્રમમાં રાજયના ઉર્જા અને ઉદ્યોગમંત્રીશ્રી સૌરભભાઈ પટેલ,પંચાયતમંત્રી શ્રીનરોત્તમભાઈ પટેલ,શહેરી વિકાસમંત્રી શ્રીનીતિનભાઈ પટેલ,વન અને પર્યાવરણમંત્રીશ્રી મંગુભાઈ પટેલ અને મહેસુલ તથા મહિલા અને બાળકલ્યાણમંત્રીશ્રીમતી આનંદીબેન પટેલ, સાંસદ શ્રી સી.આર. પાટીલ, મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ધારાસભ્ય શ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી નાનુભાઈ વાણાની, શ્રી કિરીટભાઈ પટેલ, સુરત મહાનગર પાલિકાના સ્ટેન્ડિગ કમિટિના ચેરમેન શ્રી મુકેશભાઈ દલાલ, ડે. મેયર શ્રી કુમાર કાનાણી, શાસકપક્ષ નેતા શ્રી ભીમજીભાઈ પટેલ,કયુબ કન્સ્ટ્રકશન એન્જીનિયરીંગ લિ.ના સીએમડીશ્રી સંજય સી.શાહ તથા શહેરના વેપાર ઉદ્યોગના અગ્રણીઓ અને ચેમ્બરના હોદેદારો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભના ચેમ્બર પ્રમુખ શ્રી નિલેશભાઈ માંડલેવાળાએ સ્વાગત પ્રવચનમાં કહયું હતું કે, ગુજરાતમાં સાહસિક વેપારીઓએ ગુજરાતના આર્થિક વિકાસ માટે કરેલા અથાગ પ્રયાસો અને સરકાર ધ્વારા પુરા પડાયેલા સાનુકુળ વાતાવરણને કારણે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે અને દેશના આર્થિક વિકાસદરની સરખામણીમાં ગુજરાતનો આર્થિક વિકાસદર વધુ છે.ગુજરાતે ઉજાક્ષેત્ર પણ મહત્વની સિધ્ધિ હાંસલ કરી છે. ગુજરાત વિજળીની બાબતમાં સરપ્લસ રાજય થવા જઈ રહયું છે, તાજેતરમાં તેની સફળતાને બિરદાવતા ઉર્જા ક્ષેત્રનું ૧૧ મુ આતંરરાષ્ટ્રીય પ્રદર્શન અને કોન્ફરન્સમાં વર્ષ ૨૦૦૯ દરમ્યાન ઉર્જા ક્ષેત્રે સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ પાવર ઈન્ડિયા એકસલન્સ એવોર્ડ–૨૦૦૯ એનાયત કરવામાં આવ્યો છે. સર્વાંગી ગ્રામીણ વિકાસ, કૃષીક્ષેત્ર અને બંદરોના વિકાસને કારણે રાજયના ઔદ્યોગિક વિકાસને પણ વેગ મળ્યો છે. નેનો કાર ના આગમને દેશને એક મહત્વનો સંદેશ આપ્યો છે. ગયા વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત ઈન્ટરનેશનલ જેમ એન્ડ

જવેલરી એકઝીબીશન સ્પાર્કલ સફળતા પૂર્વક સુરતમાં યોજાયુ હતુ, આ વર્ષે પણ યોજાશે. સ્વર્ણીમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે ચેમ્બર ધ્વારા ઉદ્યોગ–૨૦૧૦ નું આયોજન થશે, જે ચેમ્બરના મહત્વાકાંક્ષી પ્રોજેકટ એકઝીબીશન સેન્ટર ખાતે યોજાશે. એ એકઝીબીશનનો શુભારંભ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે થાય એવી પ્રબળ ઈચ્છા છે.
તેમણે આમંત્રીત મહાનુભાવોને આવકાર આપ્યો હતો અને માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને પુષ્પહાર અને શાલ ઓઢાડીને સ્મૃતીભેટ અર્પણ કરી સ્વાગત સન્માન કર્યું હતું.

માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહયું હતું કે, આજે નર્મદા ના નીર ને સૌરાષ્ટ્રના ધોળીધ્વજા ડેમ સુધી પહોંચાડવાનો આરંભ થયો છે જે ગુજરાતની એક વધુ સિધ્ધી છે. વાઈબ્રન્ટ ગુજરાત, ગુડ ગર્વનન્સ અને ડેવલપમેન્ટ જેવા શબ્દો ગુજરાતની ઓળખ બની ગયા છે. તેમને આવનારા સમયની સૌથી મોટી જરૂરીયાત તરફ ધ્યાન ખેંચતા કહયું હતું કે, રાજયના ઔદ્યોગિક અને આર્થિક વિકાસની સાથે સાથેજ માનવ સંસાધનોનો વિકાસ પણ જરૂરી છે એટલે ગુજરાતે એ દિશામાં પહેલ કરીને ગુજરાત નોલેજ સોસાયટીની શરૂઆત કરી છે જયાં બે હજાર થી વધુ સ્કીલ્સ નું ડેવલપમેન્ટ થશે. શિક્ષણમાં આઈ.આઈ.એમ. ની જેમ જ ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર્સ એજયુકેશનની પણ સ્થાપના કરી છે જયાંથી સમાજને ઉત્તમ કક્ષાના શિક્ષકો મળી શકે.

વિશ્વની સૌથી પહેલી ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના પણ ગુજરાતમાં થઈ છે એ રીતેજ રક્ષાશકિત યુનિવર્સિટી જેમાંથી પોલિસ અને સુરક્ષાદળ તેમજ સેનામાં જવા ઈચ્છુક વિદ્યાર્થીને ધોરણ ૧૨ બાદ શિક્ષણ મળી શકશે. એ રીતેજ વિશ્વની સૌથી પ્રથમ ચિલ્ડ્રન યુનિર્સિટી પણ ગુજરાતમાં શરૂ કરાઈ છે. ગુજરાતમાં મરીન એન્જીનીયરીંગના ક્ષેત્રને મહત્વ આપીને એને લગતી મરીન એન્જીનીયરીંગ કોલેજ પણ શરૂ કરવામાં આવી છે. ગુજરાત દુનિયામાં ડંકો વગાડે એવું મારૂ સ્વપ્ન છે અને તેમાં આપસૌના સહકારની જરૂર છે જેને માટે સુરતે પોતાની આગવી બ્રાન્ડ વિકસાવવી પડશે અને એ આવનારા સમયની માંગ છે. અન્ય રાજયો જયારે એસ.ઈ.ઝેડ. શરૂ કરવાનુ વિચારે છે ત્યારે ગુજરાતે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એસ.આઈ.આર. સ્થાપવાની પહેલ કરી દીધી છે. હવે આવનારૂ યુગ આઈ.ટી. નો નહી પરંતુ ઈ.ટી (એન્વાયરમેન્ટ ટેકનોલોજી) નો છે. એ દિશામાં પણ ગુજરાતે ત્રણ હજાર મેગાવોટ સોલાર એનર્જી માટેના એમ.ઓ.યુ. કર્યા છે. અર્થતંત્ર વૈશ્વિક બન્યુ છે એટલે આપણે પણ સ્પર્ધાત્મક બનવુ પડશે. ઉત્પાદનની ક્ષમતાની સાથે સાથે ગુણવત્તા પણ સુધારવી પડશે અને ઝીરો ડીફેકટ ઉત્પાદન કરવામાં સફળતા મેળવવી પડશે. આજે દેશ માટે બલીદાનની નહી પરંતુ દેશ માટે જીવવાની જરૂર છે. નવી પ્રગતિના સોપાન ૨૦૧૦ માં સ્વર્ણિમ ગુજરાતને સમાજોત્સવ બનાવે એવી મારી ઈચ્છા છે. પ્રત્યેક ગુજરાતી રાજય અને સમાજ માટે કંઈક કરે તોજ સ્વર્ણીમ વર્ષની સાચી ઉજવણી થયેલી ગણાશે.
માનનીય મુખ્યમંત્રી શ્રી ધ્વારા શરૂ કરાયેલ કન્યા કેળવણી નિધીમાં ભગવાન મહાવીર એજયુકેશન સોસાયટીના શ્રી અનિલ જૈને રૂા. ૫ લાખ, એસ.પી. ઈન્ડસ્ટ્રીઝના શ્રી પ્રવિણ જૈને રૂા. ૧ લાખનો ચેક મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો અર્પણ કર્યો હતો.
ચેમ્બરના ઉપપ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યએ આભારવિધી આટોપી હતી.